**સંદર્ભ:** ૧. શ્રીમદ્ ભાગવત
૨. શિવ પુરાણ

| કાળની ગતી: દેવ અને મનુષ્યનાં સમયની સરખામણી | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **બ્રહ્મા** | | | **દેવતા** | | | **મનુષ્ય** | | **યુગ** | **વિવરણ** |
| સંખ્યા | કાળ | | સંખ્યા | કાળ | | સંખ્યા | કાળ | | |
| | | | | | | **પરમાણુ** | | કાળનું એક પરિમાણ જેનો ભાગ કે અંશ ન થઈ શકે, એથી ક્ષણ કોઈ પદાર્થથી અલગ નથી. | આ સંખ્યારૂપી કાળની છેલ્લી અવધી છે. તેને "શાન્ત્યતીત કલા" કહેવાય છે. |
| | | | | | | ૨ પરમાણુ | ૧ અણુ | | એક મૂહૂર્તનો ૫૪૬૭૫૦૦૦મો ભાગ. |
| | | | | | | ૩ અણુ | ૧ ત્રસરેણુ | | |
| | | | | | | ૩ ત્રસરેણુ | ૧ ત્રુટિ | | |
| | | | | | | ૧૦૦ ત્રુટિ | ૧ વેધ | | |
| | | | | | | ૩ વેધ | ૧ લવ | | આંખના પલકારાના છઠ્ઠા ભાગ જેટલો સમય |
| | | | | | | ૩ લવ | ૧ નિમેષ | | આંખના પલકારા જેટલો કાળ |
| | | | | | | ૩ નિમેષ | ૧ ક્ષણ | | બાર પળ જેટલો સમય |
| | | | | | | ૫ ક્ષણ | ૧ કાષ્ઠા | | આંખના પંદર પલકારા જેટલો સમય |
| | | | | | | ૧૫ કાષ્ઠા | ૧ લઘુ | | એક મિનિટ જેટલો વખત |
| | | | | | | ૧૫ લઘુ | ૧ નાડિકા | | પંદર મિનિટ જેટલો વખત |
| | | | | | | ૨ નાડિકા | ૧ મુહૂર્ત | | ત્રીસ મિનિટ જેટલો વખત, દિવસનો પંદરમો ભાગ |
| | | | | | | ૬ મુહૂર્ત | ૧ યામ | | ત્રણ કલાક, એક પહોર |
| | | | | | | ૮ યામ | ૧ અહોરાત્ર | | ચોવીસ કલાક,દિવસ ને રાત; એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો અથવા એક સૂર્યાસ્તથી બીજા સૂર્યાસ્ત સુધીનો વખત |
| | | | | | | ૧૫ અહોરાત્ર | ૧ પક્ષ | | પખવાડિયું. પક્ષનાં બે પ્રકાર : ૧). સુદપક્ષ; જેમાં ચંદ્રની કળાઓ વધતી જાય છે તે પક્ષ ૨) કૃષ્ણ પક્ષ , ચાંદ્રમાસનો વદિ પક્ષ, અંધારિયું |
| | | | | | | ૨ પક્ષ | ૧ માસ | | પિતૃ-દેવોનો એક રાત્રિ-દિવસ ગણાય છે. તેમાં કૃષ્ણ પક્ષ એમની રાત્રિ, અને સુદપક્ષ એમનો દિવસ |
| | | | | | | ૨ માસ | ૧ ઋતુ | | હેમંત, શિશિર, શરદ, વર્ષા, ગિષ્મ, પાનખર |
| | | | | | | ૩ ઋતુ | ૧ અયન | | સૂર્ય છ રાશિ ભોગવે તેટલા સમયને અયન કહ્યો છે |
| | | | ૧ દિવ્ય દિવસ | - | = | ૨ અયન | ૧ વત્સર | **મનુષ્યનાં ૧ વર્ષ બરાબર દેવતાઓનો ૧ દિવસ** | ૧ વર્ષ, |

**કાળની ગતી:** દેવ અને મનુષ્યનાં સમયની સરખામણી

| બ્રહ્મા | | | દેવતા | | | મનુષ્ય | | યુગ | વિવરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા | કાળ | | સંખ્યા | કાળ | | સંખ્યા | કાળ | | |
| | | | ૧૦ દિવ્ય દિવસ | | = | ૧૦ વત્સર | ૧ દાયકો | | દસ વર્ષના સમયનો ગાળો |
| | | | ૩૬૦ દિવ્ય દિવસ | | = | ૩૬૦૦ વત્સર | - | **દેવતાઓનું એક વર્ષ** | |
| ૧ | લવ | = | ૧ દિવ્ય વર્ષ | | = | ૬૬૬ વર્ષ | ૮ મહિના | | |
| ૧ | નિમેષ | = | ૬૦ દિવ્ય વર્ષ | | = | ૪,૦૦૦ વર્ષ | - | | ૬૦ લવનું ૧ એક નિમિષ થાય છે |
| ૧ | પળ | = | ૩૬૦ દિવ્ય વર્ષ | | = | ૨૪,૦૦૦ વર્ષ | - | | ૬૦ નિમિષનું એક પળ થાય છે |
| ૧ | ઘડી | = | ૮૬૪૦ દિવ્ય વર્ષ | | = | ૧૮,૦૦,૦૦,૦૦૦ વર્ષ | - | | ૨૪ પળની ૧ એક ઘડી થાય છે , ૩૬૦ ઘડીનો એક દિવસ થાય છે |
| ૧ | **કળિયુગ** | = | ૧૦૦૦ દિવ્ય વર્ષ | ૨૦૦ દિવ્ય વર્ષ (૧૦૦ સંધ્યાંશો + ૧૦૦ સંધ્યા) | = | ૪,૩૨,૦૦૦ વર્ષ | - | **કળિયુગ**, વૈશાખ સુદીત્રીજના દિવસે કળિયુગનો પ્રારંભ થયો હતો | કળિયુગમાં ધર્મના ચારેય ચરણો સત્ય, દયા, તપ અને દાન નષ્ટ થઈ જાય છે અને એના બદલે અસત્ય, હિંસા, અસંતોષ અને કલહ એ એ અત્યંત વધી જાય છે. ધર્મ, સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા આયુ, બળ અને સ્મરણશક્તિનો અભાવ થતો જશે. |
| ૧ | **દ્વાપર યુગ** | = | ૨૦૦૦ દિવ્ય વર્ષ | ૪૦૦ દિવ્ય વર્ષ (૨૦૦ સંધ્યાંશો + ૨૦૦ સંધ્યા) | = | ૮,૬૪,૦૦૦ વર્ષ | - | **દ્વાપર યુગ** , મહાવદ ચૌદસ [મહાશિવરાત્રિ] ના દિવસે , દ્વાપર યુગનો પ્રારંભ થયો હતો | તમોગુણ અને રજોગુણ બંનેનું આધિક્ય હોય તે કાળને દ્વાપર કહેવાય છે. તેનું નામ બીજો **નિમિત્ત પ્રલય** કહેવાય છે |
| ૧ | **ત્રેતાયુગ** | = | ૩૦૦૦ દિવ્ય વર્ષ | ૬૦૦ દિવ્ય વર્ષ (૩૦૦ સંધ્યાંશો + ૩૦૦ સંધ્યા) | = | ૧૨,૯૬,૦૦૦ વર્ષ | - | **ત્રેતાયુગ**, આ યુગનો આરંભ કાર્તિક સુદિ નોમથી થાય છે. | આ યુગમાં બધા લોક ધર્મપરાયણ હોય છે. આ યુગમાં લોકોનું આયુષ્ય દશ હજાર વર્ષનું અને મનુ અનુસાર ત્રણસો વર્ષનું હોય છે આ યુગમાં પુણ્ય પંદર અને પાપ પાંચ હતું, એટલે પુણ્યપાપનું ગુણોત્તર ૩ : ૧ હતું. માણસના શરીરનું પ્રમાણ ચૌદ હાથનું હતું. પાત્ર રૂપાનાં તથા દ્રવ્ય સોનાનું હતું. આ યુગમાં સૂર્યગ્રહણ અઢારસો અને ચંદ્રગ્રહણ અગિયાર હજાર થયાં હતાં. એક વખત બી વાવવાથી સાત વખત લણણી થતી.આ યુગમાં મનુષ્યોને બરોબર પુત્ર અને પુત્રી મળી માત્ર બે જ સંતતિ થતી. ગાય એક ગાગર દૂધ દેતી. તપોનિષ્ઠ બ્રાહ્મણ અને પતિવ્રતા સ્ત્રીઓની સંખ્યા તે વિભાગના ત્રણ ચતુર્થાંશ જેટલી રહેતી. બ્રાહ્મણાદિકના શાપ દશ દિવસે સફળ થતા. માનવો કર્મકાંડમાં તથા તપશ્ચર્યામાં નિષ્ઠા રાખે છે. |
| ૧ | **સતયુગ** | = | ૪૦૦૦ દિવ્ય વર્ષ | ૮૦૦ દિવ્ય વર્ષ (૪૦૦ સંધ્યાંશો + ૪૦૦ સંધ્યા) | = | ૧૭,૨૮,૦૦૦ વર્ષ | - | **સત્યયુગ**, આ યુગનો પ્રારંભ ચૈત્ર સુદિ ત્રીજનો ગણાય છે, જે સમયે ચંદ્ર, સુર્ય અને ગુરૂ એક જ સમયે એક જ સાથે પુષ્યનક્ષત્રના પ્રથમ પળમાં પ્રવેશ કરે છે, એક જ રાશિમાં આવે છે | સત્ત્વગુણનું આધિક્ય જે કાળમાં હોય તેને સત્યયુગ કહે છે. આ યુગમાં સૂર્યગ્રહણ ૧,૦૦૦ તથા ચંદ્રગ્રહણ ૧૦,૦૦૦ હોવાનું મનાય છે. કહેવાય છે કે એક વખત બી વાવવાથી ૨૧ વખત લણણી થતી હતી.આ યુગમાં મનુષ્યોનું આયુષ્ય એક લાખ વર્ષનું હોવાનું મનાતું. પ્રાણ એકલો અસ્થિગત હતો. સંતતિ ફક્ત બે હતીઃ એક કન્યા અને એક પુત્ર. તે બંને દીર્ઘાયુ હતાં. કામધેનુ બે ગાગર ભરાય તેટલું પુષ્કળ દૂધ દેતી અને કલ્પવૃક્ષો ઈષ્ટ પદાર્થો આપતાં. સર્વ સ્ત્રીઓ પતિવ્રતાઓ હતી. સર્વત્ર સોનાનાં વાસણો અને રત્નના દીવાઓ હતા. બ્રાહ્મણ આદિ સૂર્યનાં જેવા તેજસ્વી હોઈ તેમના શાપો લાગુ પડતા. સત્યયુગમાં ધર્મનાં ચાર ચરણ સત્ય, દયા, તપ તથા દાનનો મહિમા સંપૂર્ણપણે સચવાય છે. એ યુગમાં મનુષ્યો શાંત, સંતોષી, સંયમી, દયાળુ અને સત્યપરાયણ હોય છે |

## કાળની ગતી:  દેવ અને મનુષ્યનાં સમયની સરખામણી

| બ્રહ્મા | | | દેવતા | | | મનુષ્ય | | યુગ | વિવરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા | કાળ | | સંખ્યા | કાળ | | સંખ્યા | કાળ | | |
| ૧ | મહાયુગ | = | ૧૦,૦૦૦ દિવ્ય વર્ષ | ૨૦૦૦ દિવ્ય વર્ષ (૧૦૦૦ સંધ્યાંશો + ૧૦૦૦ સંધ્યા) | = | ૪૩,૨૦,૦૦૦ વર્ષ | - | ચાર યુગો- સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગ અને કલિયુગ - મળી એક **ચતુર્યુગ** અથવા **મહાયુગ** બને છે.  **દેવતાઓનું ૧ દેવયુગ = ૧૨,૦૦૦ દેવતાઈ  વર્ષ** | **૧૨,૦૦૦ દિવ્ય વર્ષ**. તે ચાર યુગોમાં ક્મશઃ ચાર, ત્રણ, બે અને એક હજાર દિવ્ય વર્ષ હોય છે. તે દરેકમાં જેટલા હજાર વર્ષ હોય તેથી બે ગણા સો વર્ષની સંધ્યા અને સંધ્યાંશો હોય છે. ****<br>સત્યયુગમાં = ૪૮૦૦  ( ૪૦૦૦ + ( ૨ * ૪૦૦૦ / ૧૦૦)) ***<br>ત્રેતાયુગમાં = ૩૬૦૦  ( ૩૦૦૦ + ( ૨ * ૩૦૦૦ / ૧૦૦)) **<br>દ્વાપરયુગમાં = ૨૪૦૦ ( ૨૦૦૦ + ( ૨ * ૨૦૦૦ / ૧૦૦)) *<br>કલિ યુગમાં =  ૧૨૦૦ ( ૧૦૦૦ + ( ૨ * ૧૦૦૦ / ૧૦૦)) |
| ૭૧ | મહાયુગ | = | ૨૫,૫૬૦ દેવતાઈ યુગ | - | = | ૩૦,૬૭,૨૦,૦૦૦ વર્ષ | - | ૭૧ x ૪૩,૨૦,૦૦૦ | ૭૧ મહાયુગનો એક મન્વંતર થાય છે. બ્રહ્માના એક દિવસનો એટલે કલ્પનો ચૌદમો ભાગ.   મન્વંતરના  નામ : (૧) સ્વયંભુવ (૨) સ્વારોચિષ (૩) ઔત્તમિ (૪) તામસ (૫) રૈવત (૬) ચાક્ષુસ **(૭) વૈવસ્વત (હાલમાં)** (૮) સાવર્ણિ (૯) દક્ષ સાવર્ણિ (૧૦) બ્રહ્મ સાવર્ણિ (૧૧) ધર્મ સાવર્ણિ (૧૨) રુદ્રપુત્ર (૧૩) રોચ્ય (૧૪) ભૌત્ય . |
| ૧૪ | મન્વંતરો | = | ૩૫૭,૮૪૦ દેવતાઈ યુગ | - | = | ૪,૨૯,૪૦,૮૦,૦૦૦ વર્ષ | - | **૯૯૪ મહાયુગ  અથવા દેવયુગ** | ૧૪ મન્વંતરો x ૭૧ મહાયુગ.    મન્વંતર હમેશા છ વસ્તુઓથી પૂર્ણ કહેવાય છે.  મનુ, દેવો, મનુના પુત્રો, ઇંદ્ર, સપ્તર્ષિઓ અને ભગવાનનો અવતાર |
| ૧ | સંધિકાળ | = | ૧૪૪ દેવતાઈ યુગ | - | = | ૧૭,૨૮,૦૦૦ વર્ષ | - | | પ્રત્યેક મન્વંતર પછી એક સંધિકાળ આવે છે. જેનો સમય સત્યુગ જેટલો હોય છે. |
| ૧૫ | સંધિકાળ | = | ૨,૧૬૦ દેવતાઈ યુગ | - | = | ૨,૫૯,૨૦,૦૦૦ વર્ષ | - | **૬ મહાયુગ** | આમ ૧૪ મન્વંતરના ૧૪ સંધિકાળ અને એક સંધિકાળ સૃષ્ટિ રચનાના આરંભમાં હોય છે. તે મળી કુલ ૧૫ સંધિકાળ થાય છે. |
| ૧ | **બ્રાહ્મકલ્પ** | = | ૩૬૦,૦૦૦ દેવતાઈ યુગ | - | = | ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વર્ષ | | **પૃથ્વીનું આયુષ્ય , (૧૪ મન્વંતરો + ૧૫ સંધિકાળ ) = ૧૦૦૦ મહાયુગ .** બ્રહ્માનો એક દિવસ, તે સૃષ્ટિની સંજ્ઞા છે,  બ્રહ્માના ૧ દિવસમાં ૧ એક હજાર ચોકડી યુગના થાય છે. | કલ્પ એકંદર ૩૦ છે:  (૧)  શ્વેત, (૨) નીલ લોહિત, (૩) વામદેવ, (૪) રથંતર, (૫) રૌરવ,  (૬) દેવ, (૭) બૃહત, (૮) કંદર્પ, (૯) પદ્મ, (૧૦) ઇશાન, (૧૧) તમ, (૧૨) સારસ્વત, (૧૩) ઉદાન, (૧૪) ગરુડ, (૧૫)  કૌર્મ, (૧૬)  નારસિંહ, (૧૭) સમાન, (૧૮) આગ્રેય, (૧૯) સોમ, (૨૦) માનવ, (૨૧)  તત્પુરુષ, (૨૨)  વૈકુંઠ, (૨૩)  લક્ષ્મી, (૨૪)  સાવિત્રી, (૨૫)  ઘોર, (૨૬)  **વારાહ (હાલમાં ચાલુ છે)**, (૨૭)   વૈરાજ, (૨૮)  ગૌરી, (૨૯) માહેશ્વર અને (૩૦) પિતૃકલ્પ.   બ્રહ્માના એક દિવસમાં સ્વર્ગમાં ચૌદ ઇંદ્ર અને પૃથ્વી ઉપર ચૌદ મનુ તુલ્ય રાજ્ય કરીને નાશ પામે છે. દેવ, દૈત્ય અને મનુષ્યાદિકના જે દેહનો  પ્રત્યેક ક્ષણ  નાશ અને આ લોકમાં જે ચાલુ ક્ષય તેનું નામ **પ્રથમ નિત્ય પ્રલય** કહેવાય છે |
| ૧ | **પાદ્મકલ્પ.** | = | દેવતાઓનું આયુષ્ય | | = | ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ વર્ષ | | બ્રહ્માની  એક અહોરાત્રિ તે પ્રલયની સંજ્ઞા છે.  - | તેનું નામ  બીજો **નૈમિત્તિક પ્રલય** કહેવાય છે. ત્યારે  ભૂ: , ભુવઃ અને સ્વઃ (સ્વર્ગ), ત્રણે લોકોનો નાશ થાય છે. |
| ૩૦ | કલ્પ | = | | | = | એક બ્રાહ્મ માસ | | બ્રહ્માનો એક મહિનો | ૩૦ ઈંદ્રો |
| ૩૬૦ | કલ્પ | = | | | = | એક બ્રાહ્મ વર્ષ | | | |
| ૫૦ | બ્રાહ્મ વર્ષ | = | | | = | ૧ પરાર્ધ | | | બ્રહ્માનું આયુષ્યને 'પર' કહેવાય છે. એનો અર્ધ ભાગ 'પરાર્ધ' કહેવાય છે |
| ૨ | પરાર્ધ | = | બ્રહ્માનું આયુષ્ય | | = | ૧  મહાકલ્પ | | **બ્રહ્મા દેહ મૂકે  છે. ત્યારે એ ચૌદ લોક સહિત બ્રહ્માંડનો નાશ થાય છે.** | ત્યારે પ્રકૃતિથી ઊપજ્યું જે કારજ તે સર્વ પ્રકૃતિમાં લય પામે છે એ **ત્રીજો પ્રાકૃત પ્રલય** કહેવાય છે. ભગવાન  વિષ્ણુનાં એક નિમેષમાં અનંતકોટિ બ્રહ્માંડનો સજૅન અને વિનાશ થાય છે. |
| ૧ | મહાકલ્પ | = | સૃષ્ટિનું આયુષ્ય | | = | ૧ વિષ્ણુ નો એક દિવસ | | ભગવાન અજન્મા છે. તે સ્વયંભૂ, ભૂત, ભવિષ્ય તથા વર્તમાનના ઉત્પાદક છે. | જ્યારે ભગવાન નારાયણ  પોતાની  ઇચ્છાથી  યોગમાયા વડે ધ્યાનસ્થ થઈ તપ કરે છે. તેનું નામ **ચોથો આત્યંતિક પ્રલય** કહેવાય છે.  ત્યારે  સમસ્ત સૃષ્ટિ નાશ પામે છે |